કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દરમાસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૮૦ ● જુલાઈ-૨૦૨૨



પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧





અમદાવાદ મંદિરમાં ઠાકોરજીને કેસર સ્નાન કરાવતાં પ.પૂ.લાલજી મહારાજશ્રી





રાણીપ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતાં પ.પૂ.લાલજી મહારાજશ્રી




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂ. ૫૦-૦૦ ● છુટક નકલ રૂ. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૫ (મૂળ વર્ષ ૫૬) ● અંક : ૧૮૦ ● જુલાઈ-૨૦૨૨


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. ''યજ્ઞનારાયણ'' ૦૬

૦૪. ગુરુપૂર્ણિમા ૨૦૨૨ પ્રસંગે શાસ્ત્રોના દીવાદાંડીરૂપ વચનો ૦૭

૦૫. અમદાવાદના બ્રાહ્મણોની ચોરાશી ૦૯

૦૬. ઉનાવા ૧૧

૦૭. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી ૧૪

૦૮. ભક્તિસુધા ૧૫

૦૯. સત્સંગ સમાચાર ૧૭

# અસ્મદીયમ્

પવિત્ર ચાતુર્માસમાં પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને રાજી કરવા માટેનું કોઈ એક નિયમ તો અવશ્ય ધારણ કરીને નવધા ભક્તિમાં નિમગ્ન થઈ જવું એજ સાચું સત્સંગમય જીવન કહેવાય છે. એવા સત્સંગમય જીવન પ્રાપ્ત કરવાથી પરમેશ્વરની કૃપા જીવ ઉપર થાય ત્યારે જીવની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં જોડાય છે. તે સિવાય તો હજાર પ્રકારના સાધનો કરવાથી પણ મનની વૃત્તિ એટલી બધી વિષયોમાં પ્રોવાએલી છે કે તેને ત્યાંથી હટાવીને ભગવાન પાસે લાવવી જ અતિ કઠિન થઈ જાય છે. માટે જ ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રથમના પહેલાં વચનામૃતમાં તેનો પ્રશ્ન સ્વયં પોતે જ પૂછીને સૌને આ વિષય કેટલો ગંભીર છે, અને તે કેટલો મહાન છે, તેની સચોટ અને સાવ સરળ ભાષામાં સમજાવી દીધું કે જો તમે સર્વે ભગવાનના સ્વરૂપમાં (મૂર્તિમાં) અખંડ મનની વૃત્તિને રાખશો તો તમારે તેનાથી બીજું કોઈ સાધન કરવાની જરૂર જ નહી રહે, કારણ કે જેને ભગવાનના સ્વરૂપમાં અખંડ મનની વૃત્તિ રહે તેની મોટી પ્રાપ્ત કરવા જેવી વસ્તુ જ આ બ્રહ્માંડમાં ભગવાનના એકાન્તિક ભક્તના માટે નથી. જગતની બધા પ્રકારની જંજાળને એક બાજુ મુકીને ચાતુર્માસ પર્યંત એવો પ્રયાસ કરીએ કે ભગવાનની મૂર્તિ વિના મન અન્ય પદાર્થના સામુ પણ ન જુવે. જ્યાં પણ નજર જાય ત્યાં રંગમહોલના ઘનશ્યામ મહારાજ વિના અન્ય કોઈ પદાર્થ કે કામની વસ્તુ જણાય જ નહી. સારમાં સાર જીવનમાં કરવા જેવું આ જ કામ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના**
**જયશ્રી સ્વામિનારાયણ**



શ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ



**(જૂન-૨૦૨૨)**

૧૪ જેઠ સુદ-૧૫ ના રોજ પરમકૃપાળુ ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

૨૬ ''પર્વ'' મહોત્સવમાં સેવા કરનાર સમિતિના સભ્યો અને સ્વયંસેવકોને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પોતાના વરદ્ હસ્તે બહુમાન કરી સન્માનિત કર્યા.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(જૂન-૨૦૨૨)**

૨૭ મે થી ૫ જૂન-૨૦૨૨ અમેરિકાની વદેશ સત્સંગ યાત્રા

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર રામ પટેલના મુવાડા ગામે (જી. મહિસાગર) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૪ જેઠ સુદ-૧૫ ના રોજ પરમકૃપાળુ ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

૨૬ ''પર્વ'' મહોત્સવમાં સેવા કરનાર સમિતિના સભ્યો અને સ્વયંસેવકોને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પોતાના વરદ્ હસ્તે સન્માનિત કર્યા.

# યજ્ઞનારાયણ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

યજ્ઞ, હોમ, વૈદિક પરંપરા આદિ અનાદિના પ્રાચીન સનાતનમાં મહત્વનું અંગ છે. પૂર્વે આર્ય પૂર્વજો મૂળ રુપથી અગ્નિપૂજક હતા. ઋગ્વેદના પ્રારંભનો પ્રથમ શબ્દ અગ્નિ છે. યજ્ઞ, અગ્નિ વિજ્ઞાનથી જોડાયેલ છે. યજ્ઞ દ્વારા કુંડના અગ્નિમાં જે જે હવિષ્યામ હોમવામાં આવે છે તે તે પદાર્થને અગ્નિદેવ ભસ્મ કરીને તેના વિસ્તાર કરી સુક્ષ્મ તત્વ રુપ જે તે દૈવી શક્તિઓને પહોંચાડી દે છે. હવન સામગ્રી ઘી, તલ જવ આદિ જે તે દૈવી શક્તિઓની પસંદગીના પદાર્થ ભૌતિક હોવા છતાં તેને સુક્ષ્મ શક્તિઓ સુધી રુપાંતર કરવામાં અગ્નિનારાયણની મહત્વની ભૂમિકા રહી છે. મૃત્યુલોકના માણસને દૈવી શક્તિઓને તૃપ્ત કરવા અથવા પ્રાર્થના-પૂજા-મંત્ર-જપ-તપ આદિ સત્કર્મનું ફળ અગ્નિ વિના ભૌતિકને દૈવી સાથે આદાન પ્રદાન કરી શકાતું નથી.

દૈવી શક્તિયો તથા પ્રકૃતિના સંવાહન દેવોના આપણા ઉપર અનેક પ્રકારના ઉપકાર હોય છે. તેઓના ઋણમાંથી મુક્ત થવા તથા વાતાવરણને પવિત્ર કરવાની પ્રક્રિયા એટલે હોમ હવનનું કર્મ છે. યજ્ઞ હોમની સંપૂર્ણ પ્રક્રિયાની પાછળ અગ્નિ અને મંત્ર નક્કી કરવામાં આવ્યા છે. તથા અગ્નિકુંડનો માપ અને સમિધાઓ જે શુધ્ધ વૈદિક ગણિતના સરળ સૂત્રોને અનુસાર પ્રાચીન કાળ સમયમાં અગ્નિકુંડની રચના કરવામાં આવે છે. તેમાં વિશેષ જે તે દૈવી શક્તિઓનું પ્રધાન પદ હોય તેનો આધાર મુખ્ય રાખવામાં આવે છે.



તદુપરાંત યજ્ઞમાં હોમવામાં આવતી યજ્ઞ સામગ્રી જેને હવિષ્યાન કહેવામાં આવે છે તેમાં જાત જાતની વનસ્પતિની જડીબુટ્ટી કાળા તલ, જવ, ચોખા, ગુગલ, ગાયનું ઘી, ગોબરના છાંણા કાષ્ટ આદિની પસંદગી સમ્પૂર્ણ વૈજ્ઞાનિક રીતે કરવામાં આવે છે. તે બધાજ પદાર્થ જ્યારે અગ્નિમાં સ્વાહા બોલીને હોમવામાં આવે છે ત્યારે મંત્રોચ્ચારના માધ્યમથી તે વાયુ મંડળના આવરણને પાર કરીને વિસ્તૃત રૂપથી તે તે દૈવી શક્તિયોને તૃપ્ત કરી બળવાન બનાવે છે.

યજ્ઞ પરંપરા એટલે દૈવી શક્તિયોને પ્રસન્ન કરીને તેઓની કૃપા આશીર્વાદ મેળવવાની પ્રક્રિયા. તે કાર્ય અગ્નિ નારાયણના સહયોગ વિના શક્ય નથી એટલે કે માનવ અને દૈવી તે બન્નેની વચ્ચે સેતુ બનનાર અગ્નિ નારાયણ છે.

વળી પ્રાચીન પરંપરામાં આપણા કેટલાક ઉત્સવો દિવાળી અને હોળી બન્ને તહેવારો મુખ્ય હોમ હવન સાથે જોડાયેલા છે. અનેક સંતો ઋષિઓના મતે પ્રાચીન આર્ય અગ્નિ પૂજકોમાં વ્યક્તિગત હવન તથા સામૂહિક હવનની વિશિષ્ટ પરંપરા રહી છે. દેવાલયમાં વ્યક્તિગત રીતે મહાકાલી, મહાસરસ્વતી અને મહાલક્ષ્મીની પ્રસન્નતા મેળવવા આસોવદિ તેરસ ચૌદશ અને અમાવાસ્યાના દિવસોમાં હવન કરવામાં આવે છે. તથા સામૂહિક હવન ફાગણ સુદિ પૂર્ણિમાના દિવસે સામૂહિક હવન તરીકે નગર, ગામ, કસબાના નિવાસી નાત, જાત, જ્ઞાતિ વર્ણ, રાજા, પ્રજા સમસ્ત પ્રજાજનો સામૂહિક યજ્ઞ સાથે હોલી પ્રગટાવવામાં આવે છે. નગરના પ્રવેશ દ્વાર પાસે ગોબરના છાણાં, ઘી, તલ, જવ, શ્રીફળ જે જે વનસ્પતિઓ હવન સામગ્રી તરીકે વપરાય છે તે બધી દરેક વ્યક્તિ પોતાની શ્રધ્ધા શક્તિ અનુસાર લઈને આવે અને તેમાં પધરાવે છે. અનો બધાની ઉપસ્થિતિમાં સંધ્યાના સમયે પ્રગટાવવામાં આવે છે. ત્યારે નગરજનો તેની પરિક્રમા કરે, પ્રણામ વંદન પ્રાર્થના કરે અને તે વેળા કોઈ બહાર ન જાતા અવશ્ય ઉપસ્થિત રહે છે તેને સામૂહિક હવન યજ્ઞ કહેવાય છે. હોલીના

(અનુ. પેજ ૧૦ પર)

# ગુરુપૂર્ણિમા ૨૦૨૨ પ્રસંગે શાસ્ત્રોના દીવાદાંડીરૂપ વચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

આપણા સૌના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વી પર મનુષ્ય સ્વરૂપે પધાર્યા હતા ત્યારે સમકાલીન સંતો ભક્તોના ભગવાન પણ તેઓ હતા અને આચાર્યપદે અર્થાત્ ગુરુપદે પણ તેઓ જ હતા. ત્યાગી-ગૃહી તમામનો એક જ જીવનમંત્ર હતો કે શ્રીહરિની આજ્ઞા-અનુવૃત્તિમાં રહીને જ સત્સંગના નાના-મોટા કાર્યો કરવાના. એ સિવાય ભજન ભક્તિ કરીને શ્રીહરિના ગુણગાન ગાવાના. ત્યાગી માટે તો શ્રીહરિની જેટલી આજ્ઞા હોય એટલી જ જરૂરિયાતની વસ્તુઓ પોતાની પાસે રાખવાની એ સિવાય તો એક તૂંબડા ઉપર કે પુસ્તક ઉપર પણ પોતાની માલિકીનું નામ નહીં લખવાનું. ભિક્ષા માગીને દેહ નિર્વાહ કરવાનો, શ્રીહરિની આજ્ઞા મુજબ ગામો ગામમાં વિચરણ કરીને શ્રીહરિની ઓળખાણ કરાવીને મુમુક્ષુઓને શ્રીહરિના આશ્રિત કરીને પ્રગટ શ્રીહરિના દર્શને લઈ આવવાના.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અંતર્ધાન થતા પહેલા પોતાની જગ્યાએ ભગવાન તરીકે આપણને સૌને શ્રી નરનારાયણાદિક દેવ સ્વયં પ્રતિષ્ઠા કરીને આપ્યા છે અને ત્યાગી-ગૃહી સર્વેના આચાર્ય અર્થાત્ ગુરુપદે ધર્મકુળમાં ધર્મવંશી આચાર્ય પરંપરા સ્વયં સ્થાપન કરીને આપી છે. મૂળ સંપ્રદાયનું કોઈપણ શાસ્ત્ર ખોલીને જોઈએ તો ધર્મવંશી આચાર્ય પદની વાત અચૂક જાણવા મળશે, વળી **સાંપ્રદાયિક મોટા ભાગના શાસ્ત્રોના અંત ભાગમાં શ્રીહરિની ભારપૂર્વક આજ્ઞા છે કે અમે બે ગાદીની સ્થાપના કરીને જે આચાર્ય પરંપરા સ્થાપી છે તે પરંપરાના આચાર્યોને અમારું સ્વરૂપ માનીને ઘેર ઘેર પધરામણી કરીને પૂજજો અને એ આચાર્યની આજ્ઞામાં રહેશો અને એ કહે તેમ કરશો તો ભગવાન રાજી થઈને પોતાના અક્ષરધામમાં લઈ જશે. એટલું જ નહી, શ્રીહરિ સમકાલીન બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી જેવા મોટા મોટા સમર્થ સદ્‌ગુરુઓ પણ શ્રીહરિની આ આજ્ઞાને પોતાની અંતિમ સભામાં દોહરાવીને પછી જ ધામમાં ગયા છે.**

સત્સંગિજીવન ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ કરેલી વ્યાખ્યા મુજબ જ્યારે ધર્મવંશી આચાર્ય ત્યાગીને મહાદીક્ષા અને ગૃહીને સામાન્ય દીક્ષા આપે છે ત્યારે જ તેને અનુક્રમે 'સાધુ' અને 'સત્સંગી'ની સંજ્ઞા પ્રાપ્ત થાય છે. બહેનોના વિભાગમાં આ અધિકાર આચાર્યશ્રીના ધર્મપત્ની ગાદીવાળાશ્રીને પ્રાપ્ત થયેલો છે. પરંપરાના ધર્મવંશી આચાર્યશ્રી, શ્રીહરિની જેમ જ અતિ દયાળુ હોવાથી શરણે આવેલાને દીક્ષા તો આપી દે છે. પરંતુ દીક્ષા લીધા પછી સમયાંતરે જે ત્યાગીઓ પોતાને મળેલી 'સાધુ' સંજ્ઞાનો દુરુપયોગ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયનું નામ વટાવીને રૂપિયા ભેગા કરીને પ્રાઈવેટ મંદિરો કે ગુરુકુળો કે ધામ કે આશ્રમો નિર્માણ કરીને પોતે જ મોટા ગુરુઓ કે મહંતો બની ગયા છે તેઓને સં. ૨૦૭૮ ની ગુરુ પૂર્ણિમા પ્રસંગે આત્મ મંથન કરવા માટે ગાદી સ્થાનથી પ્રકાશિત આ લેખ ખૂબ ઉપયોગી થશે. ગૌરવની વાત છે કે અમદાવાદ દેશમાં શ્રીહરિ સ્થાપિત મૂળ પરંપરા આજ પર્યંત જળવાઈ રહી છે. તેમ છતાં સમગ્ર સંપ્રદાયના હિતમાં આ લેખ ખાસ ગુરુપૂર્ણિમા પ્રસંગે લખ્યો છે. હરિભક્ત માત્રને સંપ્રદાયના હિતમાં નમ્ર વિનંતી છે કે પહોંચમાં લખાણ અને સ્ટેમ્પ ચકાસીને પછી જ તમારા પરસેવાના પૈસા પોતાના જીવાત્માના કલ્યાણ માટે આપજો. વાહ...વાહ..... કરાવવા આપશો તો તમારી તો બે મિનિટ વાહ...વાહ.... થશે પરંતુ તમારા રૂપિયા સંપ્રદાયનું વિભાજન કરવામાં વપરાશે અને તેથી તમારા ઉપર શ્રીહરિ રાજી થવાના બદલે કુરાજી થશે.

**ગાદી પરના વિદ્યમાન આચાર્યશ્રીએ જે સમયે સત્સંગના જે કાર્યને પૂર્ણ કરવા માટે ઝુંબેશ ઉપાડી હોય તેના કામકામજમાં ભળી ને પોતાનાથી બનતો સહકાર આપવો એ પણ એક જાતનું ગુરુપૂજન જ છે. શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અલગ-અલગ સ્વતંત્ર મંદિરોના ટ્રસ્ટોનું વિલિનીકરણ કરીને કાલુપુર મંદિરના એક ટ્રસ્ટ નીચે વહીવટ લાવવાની જે ઝુંબેશ ઉપાડી છે તેમાં તેઓ સફળ થઈને આજ પર્યંત**

**૭૫૦ જેટલા મંદિરોનું વિલિનીકરણ કરી ચૂક્યા છે. વર્તમાન કાળે મૂળી દેશમાં રાધાકૃષ્ણદેવના એક જ ટ્રસ્ટ નીચે વિલિનીકરણની તેઓશ્રીની ઝુંબેશ ચાલુ છે. તેમાં સહયોગ આપીને સૌએ દેવ અને આચાર્યશ્રીનો રાજીપો મેળવવાનો આ મહામૂલો અવસર છે.**

**ગુરુનો દ્રોહ કે નિંદા કોઈ કાળે કરવા નહિ. નહીં તો ત્રિશંકુ જેવી દશા થાય !** પૂર્વે અયોધ્યાપુરીમાં ત્રિશંકુ નામે રાજા હતો. તે પાપી હોવાથી ગુરુ વશિષ્ઠનું અપમાન કર્યું તો પણ ગુરુ તો કંઈ પણ બોલ્યા નહી પરંતુ વશિષ્ઠના એક શિષ્યથી તે સહન થયું નહી એટલે તેણે રાજાને ચાંડાલ થવાનો શ્રાપ આપ્યો એટલે રાજા તે દેહે જ ચાંડાલ થયો. રાજા વિશ્વમિત્રને શરણે ગયો તેથી વિશ્વામિત્રે યજ્ઞ કરાવીને મંત્રથી ચાંડાલના દેહે ચાર ઘોડા સહિત રથ આકાશમાં ચડાવ્યો. તે રાજા સ્વર્ગને સમીપે ગયો ત્યારે દેવોએ દેખ્યો. તે સમયે દેવો કહે, ''પત, પત, હેઠો પડ, આંહી આવીશ નહિ.'' સ્વર્ગમાંથી જે હેઠે પડે તે સાઠ હજાર અને એંસી વર્ષે પૃથ્વીમાં પહોંચે. રાજા સ્વર્ગમાંથી પડતા પડતા રથ ઘોડા સહિત ઊંધે માથે થયો તે વિશ્વામિત્રે પાછો આવતા દેખ્યો. ત્યારે વિશ્વામિત્ર કહે, ''સ્થિરો ભવ, સ્થિરો ભવ. એટલે રહે. હવે હેઠો આવીશ નહિ.'' તેથી ત્રિશંકુ ઊંધે માથે લટક્યો તેના મોઢામાંથી લાળ નીકળી તેની કર્મનાશા નામની નદી થઈ. તેમાં જે સ્નાન કરે તેના શુભ કર્મનો નાશ થાય અને તેના રથની જેટલામાં છાયા પડી તેનો મગધ દેશ થયો. તે દેશમાં મરે તે જમપુરીમાં જાય. તે દેશ છપૈયા અને ગોરખપુર કાશી તેમના વચ્ચે છે. તે દેશ ઉત્તર-દક્ષિણ ચોવીસ જોજન તથા પૂર્વ-પશ્ચિમ સોળ જોજન છે. તે કર્મનાશા નદી મગધ દેશના વચ્ચે છે તે ગુરુ દ્રોહીના પાપથી અસંખ્ય જીવ જમપુરીમાં જાશે અને તે રાજા પણ મહાકષ્ટને ભોગવે છે. કેમ કે ઉંધે માથે ખાવા પીવાનું સુખ નહિ, સૂવાનું સુખ નહિ અને બોલવાનું પણ સુખ નહિ. આ દ્રષ્ટાંત કોઈ દંત કથા નથી પરંતુ સ્વામિનારાયણ સંહિતા નામના ગ્રંથમાં સ્વયં શ્રીહરિએ મેઘજીત ભક્તને કહી છે. શ્રીહરિ કહે, ગુરુદ્રોહીની આ ગતિ છે તે જાણજો. ગુરુદ્રોહનું પ્રાયશ્ચિત ગુરુને ફરીથી રાજી કરવા એજ છે. કદાપિ ગુરુ અંતર્ધાન થયા હોય તો ભરતખંડના સર્વે તીર્થો કરે ત્યારે પાપ ટળે.

ગુરુની નિંદા કરનારની શુધ્ધિ કદિ પણ યમદૂતોથી પણ થતી નથી. ગુરુનિંદા થાય તે સ્થળેથી તત્કાળ કાન બંધ કરીને જતા રહેવું. સમર્થ હોય તેમણે નિંદકને શિક્ષા કરવી. ભગવાન તથા ભક્તોની નિંદા સાંભળી જતો ના રહે અને નિંદકને દંડ ન દે તો સુણનારના પુણ્ય સર્વનાશ થાય અને નર્કે પડે. નિંદા સાંભળનાર ને આટલો દંડ મળે છે તો નિંદકની ગતિ શું થાય ? આપણા ગુરુ શ્રીહરિનું અપર સ્વરૂપ છે. ભગવાનના મોટા ભક્ત છે. વળી બ્રાહ્મણ છે એટલે આખી જીંદગી સત્સંગ કર્યો હોય પરંતુ અંતમાં કોઈ એવા અજ્ઞાની માણસોની સોબતમાં આવીને હા યે... હા.... કરીને પાણી ન ફરી વળે તેની સાવચેતી રાખવી. **કોઈમાં દોષ હોય તેને અન્યની આગળ પ્રગટ કરવો તેનું નામ નિંદા. કોઈમાં દોષ ન હોય અને દોષારોપણ કરવો તેનું નામ દ્રોહ, નિંદા અને દ્રોહ એ નરકમાં જવાના સસ્તા સાધન છે. દેવ, બ્રાહ્મણ, સાધુ અને ભક્તની નિંદાથી, કુળનો નાશ થાય છે. નિંદા એ મહત પાપ છે એવું પાપ અન્ય નથી. સેવા જેવું કોઈ પુણ્ય નથી.**

દીક્ષાને નહિ પામેલા પુરુષનું પ્રાયશ્ચિત નથી. દીક્ષાને નહિ પામેલો પુરુષ સર્વ કર્મને વિષે અયોગ્ય કહ્યો છે. પશુ જેવો કહ્યો છે અને તેની નરકમાં સ્થિતિ કહી છે. પરંતુ દીક્ષા લીધા પછી જીવન પર્યંત ગુરુની અનુવૃતિમાં રહી રાજીપો જાળવી રાખવો એ અતિ મહત્વનું છે. સ્વામિનારાયણ મૂળ સંપ્રદાયના ગુરુ સ્વયં ઈષ્ટદેવ શ્રીહરિએ શોધીને આપણને આપ્યા છે. શ્રીહરિએ સંપ્રદાયના આધ્યાત્મિક તેમજ વહીવટી તમામ અધિકાર દેશ વિભાગના લેખ પ્રમાણે તેઓશ્રીને આપ્યા છે. જેઓને ઈષ્ટદેવના વચનમાં શ્રધ્ધા અને વિશ્વાસ છે તેઓ પોતાના ગુરુ એવા આચાર્યશ્રીની આજ્ઞામાં વર્તી રહ્યા છે અને સ્વચ્છંદી હોય તેઓ ખીલો મૂકીને માર ખાય છે. **સાચા સંતના લક્ષણો શાસ્ત્રોમાં ઘણા ઘણા કહ્યા છે. પરંતુ વર્તમાન કાળે સાચા સંતનું જો સૌ પ્રથમ કોઈ લક્ષણ હોય તો એ છે કે શ્રીહરિ સ્થાપિત શ્રી નરનારાયણાદિક દેવના થઈને રહેવું અને વિદ્યમાન આચાર્યશ્રીની આજ્ઞા-અનુવૃત્તિમાં રહેવું. સંપ્રદાયના બંધારણમાં સમવિષ્ટ મંદિરો કે સંસ્થામાં રહેવું. પ્રાઈવેટ સંસ્થામાં ન રહેવું.**

# અમદાવાદના બ્રાહ્મણોની ચોરાશી

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક



સંવત ૧૮૭૮ ના ફાગણ સુદ ત્રીજને રવિવારે દોઢ પહોર દિવસ ચડતાં શ્રીજી મહારાજે અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવની મૂર્તિઓ પધરાવી તો પછી નરનારાયણદેવની આરતી ઉતારીને બોલ્યા કે અમે નરનારાયણ દેવમાં સદાય રહેશું અને હરિજનોના મનોરથ પૂરા કરશું. એવામાં ઠાકોરજીનો થાળ આવ્યો તે નરનારાયણદેવને ધરાવી મહારાજ તે થાળ જમ્યા. પછી સંતો તથા હરિભક્તોને જમાડ્યા. ત્યારબાદ સંતોની સભા કરીને બેઠા. અને નરનારાયણદેવનો મહિમા કહેતા હતા પછી શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી વગેરે મોટા મોટા સંતો આગળ વાત કરી જે આપણે દેવ તો પધરાવ્યા હવે ભૂદેવોની ચોરાશી કરી જમાડવા કે કેમ ? તમે શું કહો છો ? ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે હે મહારાજ ચોરાશી તો કરવી જ જોઈએ એ વિના તેટલું અધુરું કહેવાય. મહારાજે આસપાસમાં રહેતા બ્રાહ્મણોને બોલાવ્યા. અને ચોરાશી કરવાનો પોતાનો વિચાર કહ્યો. ત્યારે બ્રાહ્મણો બોલ્યા કે અમદાવાદમાં બ્રાહ્મણોના સાઠ હજાર ઘર છે. એક-બે દિવસમાં બધી સામગ્રી કેવી રીતે મેળવશો ? અગાઉ એક સધરાજસિંહ નામે રાજા થઈ ગયો તેણે કાંકરિયા તળાવનું ભર્યું કર્યું ત્યારે ચોરાશી કરી હતી તે છ મહિના સુધી તો બધી સાધન સામગ્રી ભેળી કરતા થયા હતા. બ્રાહ્મણોની વાત સાંભળી મહારાજ બોલ્યા કે અમે બધો સામાન બે દિવસમાં ભેગો કરી દઈશું. તમે હા પાડો. ભૂદેવો કહે તમે જમાડો એમાં અમે શા માટે ના પાડીએ ? પણ તમે ક્યે ઠેકાણે જમાડશો ? મહારાજ કહે કાંકરિયા તળાવને કાંઠે, બ્રાહ્મણો કહે ત્યાં તો તડકો લાગશે વળી સાધન સામગ્રીમાં કીડી મકોડી ચડી જાય તો એ કેવી રીતે સાફ થાય ? મહારાજે કહ્યું, તમારે માટે આકાશ વાદળછાયું રહેશે. વળી રસોઈના સામાનમાં એક પણ કીડી મકોડી નહી ચડે તેની ખાતરી અમે આપીએ છીએ. પછી બ્રાહ્મણો હા પાડીને ગયા પછી મહારાજે સીધાની સામગ્રીનું સાટું કરાવી ઘી, ગોળ, સાકર, તુરદાળ, ચોખા અને ઘઉંના લોટના ઢગલા તળાવને કાંઠે કરી દીધા. બરાબર તે જ વખતે અષ્ટ સિધ્ધિઓએ આવી મહારાજને પ્રાર્થના કરી કહ્યું હે મહારાજ ! અમારે આજ સેવા કર્યાનો યોગ આવ્યો છે માટે આજ્ઞા કરો. મહારાજે હા પાડી તેથી તેમણે તળાવને કાંઠે બધી સામગ્રીના ગંજ ખડકી દીધા.

બીજે દિવસે સવારમાં નાહીને નિત્ય વિધિ કરી મંદિરમાં દેવના દર્શન કરવા ગયા. દર્શન કરી મંદિરના બારણા પાસે ઉભા હતા તે વખતે વજેશંકર નામનો એક બ્રાહ્મણ જોડા પહેરી મંદિરમાં આવ્યો ને દેવનાં દર્શન કર્યા. તે જોઈને મહારાજ બોલ્યા કે હે ભૂદેવ અમારી તો ઠીક પણ દેવની મર્યાદા તો રાખો. આમ જોડા પહેરી દેવના દર્શન ન કરાય. ત્યારે તે કંઈ બોલ્યો નહિ એમને એમ પગથિયાં ઉતરી ગયો. પછી મહારાજ સ્નાન કરી જમવા પધાર્યા. જમીને થાળ આનંદ સ્વામીને આપ્યો અને પોતે મુખવાસ લઈ સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. પાંચ વખત પંક્તિમાં જલેબી પીરસી સંતોને ખૂબ તૃપ્ત કર્યા. પછી હાથ ધોઈ વિરાજમાન થયા ત્યારે રસોઈવાળે મહારાજની પૂજા કરી ભારે પોશાક પહેરાવ્યો. ચંદનની અર્ચા કરી કંકુનો ચાંદલો કર્યો અને પગે લાગ્યા પછી મહારાજ ઘોડીએ સવાર થઈ કાંકરિયા પધાર્યા. ત્યાં

જળપાન કરી મંચ ઉપર આવી બિરાજમાન થયા. સંતો સરવે આવી મહારાજ આગળ બેઠા. ગવૈયા સંતો વાજા લઈ ગાવા લાગ્યા. તે જ સમયે વજેશંકર નાગરને તે કાંઈક સરકારના ગુનામાં આવવાથી ગાડામાં બેસારી લઈ જતા હતા. હાથ પગમાં બેડીયું પહેરાવી આગળ પાછળ પચાસ પોલીસો સાથે ગાડામાં બેસારી લઈ જતા હતા. તે જોઈને નથુ ભટ્ટે કહ્યું, હે મહારાજ જુઓ જુઓ કાલે જોડા પહેરી નરનારાયણદેવના દર્શન કરતો હતો તે વજેશંકર નાગરને બંદીખાને નાખી ગાડામાં લઈ જાય છે. તે જોડા પહેરી નરનારાયણદેવના દર્શન કરતો હતો ત્યારે આપ બોલ્યા હતા ને કે ભૂદેવ અમારી મર્યાદા તો બાજુએ રહી પણ દેવની તો મર્યાદા રાખો. એને પોલીસ વાળા પકડી ગયા. ત્યારે શ્રીહરિએ ઠીક થયું ભલે પોલીસવાળા પકડી ગયા એમ ન કહ્યું. પરંતુ એમ કહ્યું કે અમારાથી એવું બોલાઈ ગયું હતું. પછી મહારાજે બ્રાહ્મણોને સીધા આપ્યાં. ચોર્યાસી નાતના બ્રાહ્મણોના ચોર્યાશી ચોકા થયા હતા. ચોકે ચોકે કાંઈ બગાડ ન થાય ને કંઈ જોતું કરતું હોય તરત મળી રહે તે સારુ એક એક સાધુ રાખેલ. તેમાં એક નાતના બ્રાહ્મણો સીધાનું ગાડું લઈ શહેરમાં હાંકીને ચાલ્યા તે નિષ્કુળાનંદ સ્વામી જોઈ ગયા. ગાડું પરાણે પાછું વળાવ્યું તેથી એક બ્રાહ્મણે સ્વામીને બચકું ભરી લીધું અને પરાણે ગાડું શહેર તરફ લઈને ચાલ્યો. બરાબર તે જ વખતે શ્રીજી મહારાજ બીજે સ્વરૂપે દસ બાર પાર્ષદો સાથે ત્યાં પધાર્યા. પાર્ષદોએ પિસ્તોલના અવાજ કર્યા તેથી બ્રાહ્મણો ગાડું મૂકી ભાગી ગયા. પછી તે ગાડું વાળીને પાછું લાવ્યા. પછી મહારાજ ચોકે ચોકે ફરીને બોલ્યા, લાડુ ખાઓ, ઘી, સાકર, ગોળ, ખાંડ ખાઓ જે જોઈએ તે અને જેટલું જોઈએ તેટલું ખાજો પણ અમારા સાધુને કોઈ ખાશો નહિ. પછી મહારાજે એક કડાઈમાં સાધુ માટે શીરો કરાવ્યો. કાઠીઓને જમાડ્યા. હજારો ગરીબોને જમાડ્યા પછી કાઠીઓને સાથે લઈ બ્રાહ્મણો જમતા હતા તેમને બે પ્રદક્ષિણા ફર્યા. પછી પોતે મંચ ઉપર વિરાજમાન થયા અને પછી પોતે બોલ્યા કે આવી ભીડ્ય તો કોઈ સમૈયામાં પણ નથી થઈ. એમ કહી મુક્તાનંદ સ્વામી તથા આનંદ સ્વામીને વધેલો સામાન મંદિરે પહોંચતો કરવાની ભલામણ કરી પોતે જેતલપુર જઈ રાત્રિ મુકામ કર્યો.

(અનુ. પેજ ૯ પરનું)

દહન સમયે અને પછીથી તેની પ્રસાદી રૂપે અવશેષ લોકો ઘેર વર્ષ પર્યન્ત સંગ્રહ કરી રાખે છે.

આ પ્રાચીન સામૂહિક હવનની પરંપરામાં હિરણ્યકશિપુની પુત્રી હોલિકા તેના ભાઈ ભક્ત પ્રહલાદને ગોદ પર લઈને તેને બાળી નાખવાનો ઈતિહાસ વચમાંથી જોડાયેલો છે. કેમ કે હોલી દહન થતું હતું તેમાં હોલિકાએ પ્રવેશ કર્યો હતો.

એટલે તેમાં બે પ્રકારના વિચાર ભળ્યા. એક વિચાર હોલી દહનમાં અવશ્ય ભાગીદાર થવું અને ભક્ત પ્રહલાદને અગ્નિમાં બાળવાનો પ્રયત્ન થયો તે વૈષ્ણવ પરંપરામાં તેના દર્શન કરવા નહિ તેવા વિવાદને જન્મ આપ્યો. પરંતુ વાસ્તવમાં હોલીનો પર્વ એક સામૂહિક હવન ગણાય છે. જેઓ વ્યક્તિગત હોમ હવન કરવા અસમર્થ હોય તેવા પ્રજાજનોને લાભ આપવા આપણા ઋષિઓએ આ પ્રથા ચાલું કરી હતી.

આજકાલ તો હોલી દહનનું રૂપ બિલકુલ બદલાઈ ગયું છે. જે મૂળ રીતે તેનું રહસ્ય લુપ્ત થઈ ગયું. હવે તો નગરજનો બિન ઉપયોગી લાકડા ઘાસનો ઢગલો કરીને હોલી પ્રગટાવે છે. જે સાચું હોલીનું રૂપ નથી. કેમ કે હોલીની પવિત્ર પરંપરા તે નથી. તેમાં માત્ર પર્યાવરણને હાનિ પહોંચાડવા સિવાય બીજો કોઈ ફાયદો જોવા મળતો નથી.

હોલીનો પવિત્ર તહેવાર આદિકાળનો સામૂહિક હોમ બને તે આજના સમયની મોટી જરૂરિયાત છે.

આપણી સંસ્કૃતિમાં હોલી અને દિવાળી બે મુખ્ય તહેવારોમાં પવિત્રતા જળવાય તો ભાવિ પેઢીને તેનો લાભ થાય.

હોલીના પવિત્ર દિવસે હવા-વાતાવરણના આધારે નિષ્ણાંતો આગામી વર્ષાદ વિગેરેનું ભવિષ્ય ભાખે છે.

કેટલાક રાજ્યોમાં તો હોલીનો પ્રસંગ તો દેહનું ભાન ભૂલીને ઉજવે છે. એટલે તો હોળીની રમત કરવી નહિ એવું શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક ૧૭૨ માં બહેનોને ઉદ્દેશીને લખ્યું છે.

શ્રીજી મહારાજે વચનામૃત ગઢડા મધ્ય-૮ માં બોલ્યા જે, જ્યારે બ્રહ્માએ પ્રથમ સૃષ્ટિ કરી ત્યારે સર્વે પ્રજા પ્રત્યે કહ્યું જે, ''તમો સર્વે યજ્ઞ કરજ્યો ને તે યજ્ઞે કરીને તમારે સર્વ પુરુષાર્થની સિધ્ધિ થશે અને સૃષ્ટિની પણ વૃધ્ધિ થશે, માટે યજ્ઞ તો જરૂર કરજ્યો. પછી વેદમાં બહુ પ્રકારના જે યજ્ઞ હતા તે સર્વે બ્રહ્માએ વિધિ સહિત બતાવ્યા.

## અમદાવાદ શહેર નજીક શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ગામો

# ઉનાવા

- સંકલન : પ્રફુલ ખરસાણી







● અમદાવાદ કાલુપુર મંદિરથી બાય રોડ ૨ કલાક ૧૦ મિનિટ
● અમદાવાદ એરપોર્ટ થી ૧ કલાક ૪૦ મિનિટ

અહીંનું હરિમંદિર દક્ષિણાદા બારનું છે. પ્રથમ સંવત ૧૯૦૨માં સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ મંદિર બંધાવેલું અને સ્વામીએ આ ગામને આશીર્વાદ આપેલા છે, સમય જતાં ૧૯૬૨માં સ.ગુ. સ્વામી દેવચરણદાસજીની પ્રેરણાથી ગામના સત્સંગીઓના સહકારથી ત્રણ ઘુંમટવાળું આ મંદિર બંધાવેલું છે. અને અહીં સહજાનંદ સ્વામીની પટ મૂર્તિ છે. તે મૂર્તિની પ્રતિષ્ઠા સંવત ૧૯૬૨ના વૈશાખ વદી તેરશને રોજ ધ.ધુ. આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી.

આ ગામમાં શ્રીજી મહારાજ ત્રણ વખત પધારેલા છે. શ્રીજી મહારાજ જે ઘરમાં ઉતારો કરતા તે છલાભાઈનું ઘર પ્રસાદીનું છે. ગામની ભાગોળે છત્રી છે, ત્યાં વડ નીચે બેસીને મોટી સભા થઈ હતી. મંદિરના સિંહાસન નજીક જે ચરણારવિન્દનો ઓટો છે ત્યાં માણકી ઘોડી ઉભી રાખીને શ્રીહરિ ઉભા રહ્યા હતા. મોટા માઢમાં કૂવો છે તે પ્રસાદીનો છે. ને જે વડ નીચે સભા કરી હતી તે વડ હજુ હયાત છે. અને માઢમાં ફળિયામાં પરમહંસોને જમાડેલા છે. આ ગામ ગાંધીનગર તાલુકા જીલ્લામાં આવેલું છે.

**ઉનાવામાં શ્રીહરિ :-** પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉનાવા ગામમાં પધારી અધર્મનો નાશ કરી સધ્ધર્મની સ્થાપના કરી, પોતાના ભક્તજનોના સંકલ્પો પૂર્ણ કરી ઉનાવા ગામની ભૂમિને પોતાના ચરણાંકિત વડે ખૂબ પ્રભાવિત કરેલી છે. શ્રીહરિ કોલવડા ગામથી ઉનાવા પધાર્યા છે તે પ્રસંગ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ''ભક્તચિંતામણી'' ગ્રંથના પ્રકરણ ૮૩માં નીચે પ્રમાણે ગૂંથેલ છે.

**કરે લીલા જન મન ભાવે, ત્યાંથી અલબેલો આવ્યા ઉનાવે ॥૯॥**
**તિયાં ભક્ત રૂડો રામદાસ, તેને ઘેર ગયા અવિનાશ ॥**
**નરનારી અપાર હરખ્યાં, થયાં રાજી નાથજી નિરખ્યા ॥૧૦॥**
**ધૂપ દીપ ઉતારી આરતી, જુગતે જમાડ્યા પ્રાણ પતિ ॥**
**બીજી બહું રીતે કરી રસોઇ, જમ્યા નાથ હાથે સંત સોઇ ॥૧૧॥**
**જમ્યા જન હુવો જે જે કાર, રહિ રાત્ય ત્યાં ચાલ્યા મુરાર ॥**
**એક ગામ નામે છે નાદરી, તિયાં પધારિયા પોતે હરિ ॥૧૨॥**

કોઈ એક સમયે ભગવાન શ્રીહરિ પાંચસો પરમહંસો અને ભક્તોએ સહિત વિજાપુરથી ઉનાવા ગામે પધાર્યા. તે સમયે ઉનાવામાં રહેતા રામદાસભાઈ, રઘુભાઈ અને બીજા સર્વે વૈશ્ય

(પટેલ) ભક્તો તથા નાનીબા આદિક સ્ત્રીઓ પણ શ્રીહરિનું ઉત્સાહથી દર્શન કરવા લાગ્યા.શ્રીહરિ ભગવાન પટેલ રામદાસભાઈને ઘેર પધાર્યા. પાછી મહાપ્રભુનો રામદાસભાઈએ પ્રીતિથી ખૂબ પાણી વડે સ્નાન કરાવ્યું ત્યાર બાદ સ્નાનાદિક ક્રિયા પતાવીને સ્વયં શ્રીહરિએ સુંદર થાળ બનાવી ભગવાનને નૈવેદ્ય ધરી જમવા બેઠા. ભોજનબાદ શ્રીહરિ મહાપ્રભુ રામદાસભાઈએ અર્પણ કરેલી પશ્ચિમ દેશમાં જન્મેલી ઘોડી લઈ ત્યાંથી સરોવરની બાજુમાં રહેલ પોતાના નિવાસ સ્થાને પધાર્યા. પછી શ્રીહરિ મહાપ્રભુ રામદાસભાઈને ઉપદેશ આપવા લાગ્યા કે હે શ્રેષ્ઠ ભક્ત ! આ દેહ અને દેહના જે કંઈ પણ પદાર્થ છે તે પ્રપંચમય છે અને આ સંસારનાં સુખો તો નાશવંત છે. તો સંસારની માયાનો ત્યાગ કરી સર્વદા મારામાંજ વૃત્તિ રાખવી. શ્રીહરિ તે ગામના સર્વેજનોને સદુપદેશ કરી સત્યાસત્યની વાર્તા વડે રંજન કરતા સર્વેભક્તજનોના મનોરથ પૂર્ણ કરી ત્યાંતી માણસા પધાર્યા.







**શ્રીહરિનું કરજીસણથી ઉનાવા આગમન :-** કોઈ એક સમયે શ્રીહરિ મહાપ્રભુ પોતાના સંત-પાર્ષદો તથા કાઠી અસ્વારો સહિત કરજીસણ ગામથી ઉનાવા તરફ આવી રહ્યા છે, તેમ જાણી ઉનાવા ગામના અતિ ઉત્સાહી રામદાસ પટેલ, બાજીદાસ પટેલ, વણારશીભાઈ, રઘાભાઈ આદિ ભક્તો શ્રીહરિનો રાજીપો મેળવવા સામૈયું લઈને ગયા. અને વાજતે ગાજતે શ્રીહરિનું સામૈયું કરી ગામમાં લાવ્યા. ભગવાન સ્વામિનારાયણ પોતાના ગામમાં પધાર્યા છે તેમ જાણી ખેતરોમાં કામ કરતા ભાવિક ભક્તો કામ બધું પડતું મૂકીને દોડતા દોડતા શ્રીહરિનાં દર્શન કરવા ગામમાં આવ્યા. શ્રીહરિનાં દર્શન કરવા માટે હજારો માણસોની ભીડ જામી હતી. સૌએ પ્રેમે સહિત શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા. આ સમયે શ્રેષ્ઠ ભક્ત રામદાસભાઈ કહેવા લાગ્યા કે હે દીનબંધુ ! હે સર્વેશ્વર મહાપ્રભુ ! આ ભાવિક ભક્તો ખેતરોમાં કામ કરતા કરતા આપના દર્શનાર્થે દોડી આવ્યા છે તેથી કોઈને કાંટા વાગ્યા છે તો કોઈને ખાંપા વાગ્યા છે અને દરેકના પગમાંથી લોહીની ધારાઓ ચાલી જાય છે તો તેમના ઉપર કંઈક કૃપા કરો. ત્યારે શ્રીહરિ કહે છે કે હે રામદાસ ! અમારા દર્શનાર્થે જેણે આટલું દુઃખ સહન કર્યું છે એવા આ સર્વે ભક્તોને કાળ, કર્મ અને માયા નડી શકશે નહી અને તેઓ સર્વે જન્મ-મરણ રહિત થઈ મારા ધામને પામશે. એમ કહીને શ્રીહરિ મહાપ્રભુ ત્યાંથી રામદાસભાઈના માઢમાં તેમના ઘેર પધાર્યા. શ્રીહરિ તથા સંતો-પાર્ષદો માટે રામદાસભાઈએ સુંદર રસોઈ કરાવી દરેકને જમાડી તૃપ્ત કર્યા. જમ્યા બાદ શ્રીહરિ મહાપ્રભુ રામદાસભાઈની મેડી ઉપર હિંચકે પોઢી ગયા. થોડો સમય આરામ કર્યા પછી શ્રીહરિ સર્વેને આનંદમય વાર્તા વડે રંજન કરી ત્યાંથી રોઝે ઘોડે વિરાજમાન થઈ હાલ મંદિર છે તે જગ્યાએ પધાર્યા. ત્યાં ઘોડો ઉભો રાખી શ્રીહરિએ રામદાસ આદિ ભક્તજનોને ઉપદેશ કર્યો કે, હે ભક્તજનો ! તમારું ગામ ધન-સમૃધ્ધિ આદિ વડે સુખી થશે અને સત્સંગ પણ ઘણો થશે. એમ કહી ત્યાંથી શ્રીહરિ ગામની ભાગોળે તળાવના



કિનારે કૂવાની બાજુમાં પધાર્યા અને ત્યાં વિશાળ સભા કરી વિરાજમાન થયા. ત્યાં શ્રીહરિએ સૌને મનુષ્ય જન્મનું શું કર્તવ્ય છે ? તથા ધર્મ અને અધર્મ વિષે ખૂબ ઉપદેશ આપી શ્રીહરિ ત્યાંથી બાલવા ગામે પધાર્યા.

**વિહારના પીતામ્બર ત્રવાડીને શ્રીહરિએ ઉનાવામાં દીક્ષા આપી કપીલાનંદ નામે બ્રહ્મચારી બનાવ્યા.**

શ્રીહરિ દંઢાવ્ય દેશમાં ગામો ગામ વિચરણ કરતા હતા. સાથે પાંચસો પરમહંસો અને પાર્ષદો તથા કાઠી અસ્વારો તો હોય જ. તે ભેળા વિહારના પીતામ્બર ત્રવાડી પણ શ્રીહરિના સમીપે રહેતા. એક સમયે



પીતામ્બર ત્રવાડીનો શ્રીહરિ કહેવા લાગ્યા કે, હવે ક્યાં સુધી આમ રહેશો ? જીવનું રૂડું કરવું છે કે નહિ ? તે સાંભળી પીતામ્બર ત્રવાડી કહેવા લાગ્યા કે, હે મહારાજ ? આપ જેવી આજ્ઞા કરો તે મારે મંજૂર છે. આમ વચન સાંભળી શ્રીહરિએ તેમને બ્રહ્મચારી બનાવવાનો વિચાર કર્યો અને એ વિચારને શ્રીહરિએ ઉનાવામાં પધારી પરિપૂર્ણ કર્યો. ઉનાવામાં પીતામ્બર ત્રવાડીને દીક્ષા આપી શ્રીહરિએ કપીલાનંદ નામે બ્રહ્મચારી બનાવ્યા.

ગામ ઉનાવાના હરિભક્ત શ્રી છલાભાઈ એક વખત ગાડું જોડીને શ્રીજી મહારાજના દર્શને અમદાવાદ જતા હતા. ત્યારે રસ્તામાં સાબરમતી નદી ઉતરતાં ગાડાના પૈડાનો ખીલો નીકળી ગયો તેથી પૈડું નીકળી ગયું. તે સમયે ખીલો રસ્તામાં ઘણો શોધ્યો પણ જડ્યો નહી ને સાંજ પડી ગઈ. પછી તે સમયે શ્રીજી મહારાજની પ્રાર્થના કરવા લાગ્યા.



તેવામાં ત્યાં એક ભરવાડ આવ્યો તેણે કહ્યું, ''સાંજ પડી ગઈ છે ને નદીમાં કેમ બેસી રહ્યા છો? ગાડું જોડીને ગામ ભેગા થઈ જાઓ નહિંતો ચોર આવશે તો તમને લૂંટી જશે'' ત્યારે છલાભાઈએ તે ભરવાડને કહ્યું કે ''ગાડાના પૈડાનો ખીલો નીકળી ગયો છે તેથી બેઠા છીએ'' તેથી ભરવાડે ખીલો આપ્યો ને કહ્યું કે ''આ મને રસ્તામાંથી જડ્યો છે.'' આટલું કહીને તે ભરવાડ ત્યાંથી તરત ચાલી નીકળ્યો. તેને આગળ જતાં જોયો નહિ ત્યારે છલાભાઈએ જાણ્યું જે ''આતો મહારાજે રક્ષા કરી.'' પછી ગાડીમાં ખીલો નાખીને ચાલ્યા તે અમદાવાદ ગયા ને ત્યાં રાત્રી રહીને ગઢડે ગયા. ગઢડામાં મહારાજને દંડવત્ પ્રણામ કરીને પગે લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું ''સાબરમતીમાં ખીલો ખોવાઈ ગયો હતો કે ? ત્યારે છલાભાઈએ કહ્યું, '' હા મહારાજ ! તે એક ભરવાડ આપી ગયો હતો.'' ત્યારે મહારાજે કહ્યું ''એતો તમારી રક્ષા સારૂં અમે આવ્યા હતા.'' તે સાંભળીને સર્વે રાજી થયા.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

આપણા મ્યુઝિયમમાં તાજેતરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. તેની પૂર્ણાહૂતિ તા. ૨૬-૬-૨૦૨૨નાં રોજ કરવામાં આવી તે બાદ સાંજે પર્વ મહોત્સવમાં સેવા આપનાર સર્વે સમિતિ સભ્યો તથા સ્વયં સેવકનો સત્કાર સમારંભ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનાં સાંનિધ્યમાં યોજાયો હતો. વરસાદની ખૂબ રાહ જોતા ભક્તોને તે જ સમયે આવી વરસાદે પોંખ્યા હતા અને સૌ પ્રસાદ લઈ છુટા પડ્યા હતાં.

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ યજ્ઞની યાદી-જૂન-૨૦૨૨

| | |
|---|---|
| તા. ૩૦-૦૬-૨૦૨૨ | પ.ભ. શ્રીમતી નયનાબેન હરેશભાઈ મહેતા - નવાવાડજ |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી-જૂન-૨૦૨૨

| | |
|---|---|
| તા. ૦૫-૦૬-૨૦૨૨ | પ.ભ.શ્રી ભરતભાઈ ધનજીભાઈ મોજીદરા - મણીનગર - પ્રે. ગુરુ સ્વામી તથા આનંદ સ્વામી. |
| તા. ૧૨-૦૬-૨૦૨૨ | પ.ભ.શ્રી દિપેશકુમાર પ્રવિણભાઈ પટેલ - રાણીપ. |
| તા. ૧૭-૦૬-૨૦૨૨ | પ.ભ.શ્રી અ.નિ. ગોદાવરીબેન અમૃતલાલ પંચાલ - ટોરડા વાળા - હા. ગાંધીનગર - પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે - હ. વર્ણિન્દ્ર તથા હિતેશ. |
| તા. ૨૬-૦૬-૨૦૨૨ | પ.ભ.શ્રી ડૉ. નરેન્દ્રભાઈ ડી. ભાવસાર - મહેસાણા. |
| તા. ૩૦-૦૬-૨૦૨૨ | પ.ભ.શ્રી સૌમિલભાઈ શાહ - અમેરિકા. |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટની યાદી - જૂન-૨૦૨૨

| | |
|---|---|
| રૂા. ૫૧,૦૦૦-૦૦ | પ.ભ.શ્રી ડાહ્યાભાઈ નારાયણદાસ પટેલ પરિવાર, અ.સૌ. વિમળાબેન ડાહ્યાભાઈ પટેલના જન્મ દિન પ્રસંગે - માણસાવાળા - હા. થલતેજ. |
| રૂા. ૨૧,૦૦૦-૦૦ | સ.ગુ. શા. સ્વામી હરિકેશવદાસજી - સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર, સેકટર-૨૩ - હ. હરિપ્રિય સ્વામી. |
| રૂા. ૨૧,૦૦૦-૦૦ | પ.ભ.અ.નિ. બળદેવભાઈ લાલદાસ પટેલ - ઝુલાસણ - હા. નારણપુરા - હ. ભગવતીબેન બળદેવભાઈ પટેલ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com**



# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''જરૂર પ્રમાણે જીવતા શીખી લેવાનું તો ખોટા કાર્ય નહિ થાય''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આજે કઈ એકાદશી છે ''પાપ મોચની'' તો આપણે જે કાંઈ જાણ્યે અજાણ્યે 'પાપ' કરીએ છીએ જે ખોટુ કાર્ય આપણાથી થાય છે તેના ફળસ્વરૂપે દુઃખ મળે છે. તો આપણે શું કહીએ છીએ કે ભગવાનની મરજીથી દુઃખ આવ્યું તો એ ખોટું છે. **'ભગવાન કોઈ દિવસ કોઈને દુઃખ આપે જ નહિ.'** જે ચોર ચોરી કરે છે તો એને પણ ખબર છે કે આ ખોટું છે. તો જ છૂપાવીને કરે ને ? ચોર ચોરી ક્યારે કરે છે ? અંધારામાં કરે છે. કેમ ? તો ખોટું છે. માટે કોઈ જોતા ન હોય ત્યારે કરે છે. **તો આપણે જે સાધારણ ધર્મ છે તેનું ઉલ્લંઘન કરીને કાર્ય કરીએ તો ફળ ખરાબ જ આવે ને ? અગ્નિને અડો તો દઝાવાય તે બધાને ખબર છે.** તો કહેવાનો અર્થ છે કે કોઈ પણ કાર્ય કરો ત્યારે બુધ્ધિ અને વિવેકથી વિચારીને કરવાનું. આપણે ગાડી ચલાવતા હોય અને અથડાય તો ગાડી બનાવનાર માલિક હોય તેનો વાંક કહેવાય કે ચલાવનારનો વાંક કહેવાય. તો જે ચલાવે છે એનો વાંક છે. તો આપણું આ ગાડીરૂપી શરીર છે તેના માલિક ભગવાન છે અને આપણને નવી ગાડી આપી તો તેની સંભાળ કેવી રીતે રાખવી એની સર્વિસ કરાવીએ છીએ કે નથી કરાવતા એ બધું આપણે ધ્યાન રાખવાનું છે. અને આપણે તો દર (એકાદશીએ) પંદર દિવસે સર્વિસ થઈ જાય છે. તો આ જે આપણા કર્મો છે તેના લીધે જે બધું થાય છે. એક પ્રશ્નનો ઉકેલ આવે છે ત્યાં બીજો ચાલું થઈ જાય છે. તો આપણે કર્મો કરીએ છીએ એજ પ્રમાણે ફળ મળે છે. તો પછી સવાલ એ થાય છે ને કે **જીવનમાં ભગવાનની શું જરૂર છે ? મંદિરે શું કામ જવું જોઈએ ? ભગવાનનું ભજન કરવું જોઈએ ? જીવનમાં ભગવાનને સાથે લઈને ચાલવાની શું જરૂર છે ?** તો ભગવાનને સાથે લઈને ચાલવામાં એટલો જ ફેર છે કે એક અનાથ બાળક હોય છે. એનું જીવન કેવું હોય છે ? અને એક માતા-પિતા સાથેનું બાળક હોય છે એ બન્નેનું જીવન જુઓ એમાં શુ ફેર છે ? તો અનાથ બાળકને કોઈ પ્રેમ આપવાવાળું નહિ કોઈ જવાબદારી લેવાવાળું નહિ. **એમ આપણે ભગવાનને સાથે રાખશું તો ભગવાન આપણી જવાબદારી લઈ લેશે. ભગવાન આપણને પ્રેમ આપે છે. માર્ગદર્શન આપે છે.** જ્યાં સુધી દીકરી-દીકરાનું વર્તન સારુ હોય, આચરણ સારુ હોય તો મા-બાપ જવાબદારી લે છે. અશુધ્ધ આચરણ થઈ જાય તો મા-બાપ પણ કહી દે છે કે હવે મારા દીકરા સાથે મારે કાંઈ લેવા-દેવા નથી. એવી રીતે આપણું અંતઃકરણ શુધ્ધ હોય ત્યાં સુધી ભગવાન આપણી સાથે રહે છે. એક માણસ ખાવાનો બહુ શોખીન હોય છે. જપ-તપ કરવાનું એવી કાંઈ ખબર પડે નહિ. પત્ની બનાવી બનાવીને કંટાળી ગઈ હતી. એક દિવસ એમના ગામમાં સંત આવ્યા તે બધા સંતોના પેટ મોટા મોટા જોયા. તો તેને થયું કે સંતોને બહુ સારુ સારુ ખાવાનું મળતું હશે તો હું પણ સંતો સાથે જતો રહું તો પેટ ભરીને જમવાનું તો મળશે. તેણે સંતોને વિનંતી કરી કે : ''મને સાથે લઈ જાઓ. પણ મને ખાવાની બહુ આસક્તિ છે. તમારે ત્યાં સરસ જમવાનું મળતું હશે. તમે મને શીખવાડો એમ હું ભગવાનનું નામ લઈશ અને બદલામાં તમે મને જમાડજો.'' તો સંતો સાથે ગયા પછી તે ભાઈ રસોડા પાસે જ બેસી રહે અને સીતારામ સીતારામ કર્યા કરે. એવામાં અગિયારસનો દિવસ આવ્યો તો શિષ્યે ગુરુને કીધું કે : ''હું જમ્યા વિના સાંજ સુધી નહિ જીવી શકું.'' જેથી ગુરુએ અનાજ આપ્યું અને કીધું કે ''નદી પાસે જાવ સીધા-સામગ્રી લઈને રાંધી લેજો અને ભગવાનને ધરાવીને જમજો.'' તેણે નદી કિનારે જઈને ત્રણ રોટલા બનાવ્યા ને વિચાર કર્યો કે ગુરુએ કીધું હતું કે ભગવાનને ધરાવીને જમજો. એટલે 'રામ', 'રામ' કરવા લાગ્યા. તો નિખાલસ અને ચોખ્ખા માણસ હોય તેનું ભગવાન જરૂર સાંભળે છે. એટલે 'રામ' ભગવાન આવ્યા, અને બે રોટલા જમી ગયા અને એક રોટલો વધ્યો તે શિષ્ય જમ્યા. પછી બીજી વાર અગિયારસ આવી

એટલે વિચાર કર્યો કે વધારે સીધું લઈ જાઉં. એટલે ગુરુને કીધું કે : ''વધારે સીધું આપજો તમારા ભગવાન માટે પણ જોઈશે.'' તો ગુરુએ વધારે આપ્યું જેના છ રોટલા બનાવ્યા અને ભગવાનની રાહ જોવા લાગ્યા. ત્યાં તો રામ ભગવાન સીતાજીને લઈને આવ્યા અને પાંચ રોટલા જમી ગયા અને તેના માટે એક જ રોટલો વધ્યો. તો ફરીવાર અગિયારસ આવી તો નવ રોટલા બનાવ્યા. તો રામ, સીતા અને હનુમાનજી ત્રણેય આવ્યા અને તેઓ ત્રણેય જમ્યા બાદ શિષ્યને એક જ રોટલો મળ્યો. પછી ફરીવાર અગિયારસ આવી તો ગુરુને કીધું કે ઝાઝું સીધું આપજો કેટલા ભગવાન આવે એ કાંઈ નક્કી નહિ.'' એટલે સીધું વધારે આપ્યું. નદી કિનારે જઈને બધું તૈયાર કરીને બેઠા ને વિચાર્યું કે આવે પછી રાંધું એટલે ખૂટે નહિ. એવામાં ભરત, શત્રુઘ્ન, લક્ષ્મણજી એમ બધા નવ જણ મળી આવ્યા. તો પેલા શિષ્યે કીધું કે મારે રાંધવું નથી. તમારા ધર્મપત્નીને કહો કે રસોઈ બનાવે. પછી સીતાજીએ બધાને જમાડ્યા. બધા જમતા હતા અને તેમના ગુરુ આવ્યા અને કહે કે આને ખાવાની અતિ આસક્તિ છે જેથી ખોટું બોલતો હશે. તો લાવ જોવા જાઉં. તો જોવા આવ્યા તો શિષ્યે કીધું કે ''દર્શન કરો બધા ભગવાન જમે છે.'' તો ગુરુએ કીધું કે ''મને દર્શન થતા નથી.'' જેથી શિષ્યે રામ ભગવાન પાસે જઈને કીધું કે ''કૃપા કરો અને મારા ગુરુને દર્શન આપો.'' **તો વાસ્તવિકતામાં આમ જુઓ તો એક ગુરુ પોતાના શિષ્યને ભગવાન પાસે લઈ જાય, તો અહિંયા એક શિષ્ય ગુરુને ભગવાન પાસે લઈ ગયા. તો કહેવાનો આશય છે કે નિખાલસ અને છળકપટ રહિત હોય તેને ભગવાનના દર્શન થાય છે. જેમ જળ ચોખ્ખું અને સ્થિર હોય તો પ્રતિબિંબ દેખાય છે. એવી રીતે અંતઃકરણ ચોખ્ખું હશે પવિત્ર હશે તો જ આધ્યાત્મિકતાની પ્રતિબિંબતા દેખાશે. ભગવાનની અનુભૂતિ થશે.** અને એ મન ભટકવાનું ઓછું કરે તો જ શક્ય છે. આપણે જરૂર કરતા વધારે વાતો સાંભળી લઈએ છીએ અને ન જોવાનું જોઈ લઈએ છીએ. નિરર્થક કાર્યોમાં સમયનો દુરપયોગ કરીએ છીએ માટે મન વધારે ભટકે છે. સોયમાં દોરો પરોવવો હોય તો સોય સ્થિર હોવી જોઈએ. એવી રીતે અંતરમાં જ્યારે પરમાત્માને લાવવા હોય તો ધ્રૂજારી થઈ જાય છે. જેમ તાળાની અંદર ચાવી જમણી બાજું ફેરવો તો તાળું ખુલી જાય છે. અને ડાબી બાજું બંધ થઈ જાય છે. **એમ 'મન' એ ચાવી જેવું છે. 'મન બંધન અને મુક્તિ બન્નેની ચાવી છે.' ભગવાન બાજું ખૂલે અને જગત બાજું જાય તો બંધન થાય છે અને બધા રોગનું કારણ ઈચ્છા છે.** આપણે મનના ગુલામ થઈ જઈએ છીએ. કેમ કે ? આપણે ઈચ્છા પુરી કરવા માટે દોડી જઈએ છીએ. ઈચ્છા અને જરૂરિયાત બન્નેમાં બહુ ફેર છે. કહેવાય છે ને કે રોટી કપડા અને મકાન માણસ માટે જરૂરી છે. રહેવા માટે 'છત' જોઈએ. બે રૂમના મકાનમાં સમાવેશ થઈ જાય છે. પછી વધારે પડતા મોટા બંગલાની અપેક્ષા એ ઈચ્છા છે. રોટી જરૂરી છે. પણ છપ્પનભોગ એ ઈચ્છા છે. કપડા તન ઢાંકવા માટે જરૂરી છે. અઢીસો કે પાંચસો રૂપિયાનું પંજાબી કે સાડી ચાલે છે. પછી દસ હજાર કે બાર હજારના કપડા લેવા એ ઈચ્છા છે. તમારી પાસે પૈસા હોય અને તમે મોટા મકાનમાં રહો એનો વાંધો નથી પણ કહેવાનું તાત્પર્ય છે એ કે ઈચ્છા આપણી હોય છે. અને આપણે અમુક વખતે બધું ભગવાન ઉપર ઢોળી દઈએ છીએ. અને લોકોની જીભ ઉપર લગામ નથી હોતી. અઢીસોની સાડી પહેરશો તો પણ લોકો બોલશે કે લોભ છે. અહિંયા કહેવાનો અર્થ છે કે જરૂર પ્રમાણે જીવન રાખીશું તો ઓછું દુઃખ પડશે. જો માણસ આસક્તિમાં બંધાઈ જાય તો એક ઈચ્છા પુરી થાય તો બીજી આવીને ઉભી થઈ જાય છે. એક રોટલો અને એક ઓટલો મળી જાય તો બહુ થઈ ગયું. બાકી ઈચ્છા કોઈની પુરી થઈ નથી અને થવાની પણ નથી. સિકંદર મોટો સમ્રાટ હતો તો પણ એની ઈચ્છા પુરી ના થઈ. અને મન જગતમાં વધારેના ભટકે એના માટે વધારેમાં વધારે ભગવાનના નામનું રટણ ચાલું જ રાખવાનું તો મન સ્થિર રહેશે. **સભામાં બેસો એટલી વાર મનની સ્થિરતામાં ફેર પડે છે ને ! તો આપણે થોડું સમજતા રહેવાનું પ્રલોભનમાં આવી જવાનું નહિ. 'સહજતા' હોય તો મહારાજ બધું સંભાળી લે છે.** બાળકને ચાલતા બોલતા નથી આવડતું તો મહારાજ બધું સંભાળી લે છે. ચાર વેદ ને અઢાર પુરાણ નહિ ભણાય તો ચાલશે. કહેવત છે ને કે મનને સાધી લીધું તો બેડો પાર થઈ ગયો. કોઈપણ તકલીફ પડવાની નથી તો નામ સ્મરણ કાયમ ચાલું રાખજો. મહારાજ તમને ખૂબ બળ આપે પોતાના મનને સ્થિર રાખવા માટે અને 'માયા' તમારી ભક્તિમાં અવરોધ ન કરે એવી તમને શક્તિ આપે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

# સત્સંગ સમાચાર

### ''પર્વ'' સ્વયંસેવક સત્કાર સમારંભ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની મરજીથી અને ધર્મકુળ પરિવારની સીધી દેખરેખ નીચે થતા આપણા ઉત્સોમાં સ્વયંસેવક તરીકે જે કોઈ ભક્તજનોએ નાની-મોટી સેવા કરી હોય છે તેને દેવ અને ધર્મકુળ ક્યારેય ભૂલતા નથી એ પરંપરાનુસાર ઐતિહાસિક ''પર્વ'' મહામહોત્સવમાં જેઓએ સમિતિના સભ્ય તરીકે કે સ્વયંસેવક તરીકે જે સેવા કરી હતી તે સૌનો સત્કાર કરવા માટે તા. ૨૬-૬-૨૨ રવિવારના રોજ સાંજે ૪-૩૦ કલાકે આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં યજ્ઞશાળાની બાજુના ગ્રાઉન્ડમાં પ્રાકૃતિક વાતાવરણમાં સત્કાર સમારંભ યોજાયો હતો.

શ્રી સ્વામિનારાયણ નામની મંગલમય ધૂન સાથે સમારંભની શરૂઆત કરી. પર્વમાં જે સંતોએ સેવા કરી હતી તે સર્વે સંતો પૈકી જેતલપુર, કોટેશ્વર, કાંકરિયા, ગાંધીનગર સે-૨ તથા મૂળી ના વિદ્વાન સંતોએ પોતાના ઉદ્‌બોધનમાં ''પર્વ''ના સંસ્મરણો સાથે સેવાનો મહિમા કહ્યો હતો.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં સ્વયંસેવક તરીકે નોંધાયેલા (૩૯૦૦ જેટલા) હોય કે નોંધાયેલા હોય, કોઈ પણ પ્રકારની નાની સરખી સેવા કરી હોય તે દરેકની નોંધ શ્રી નરનારાયણદેવે લઈ લીધી છે અને તેનું કામ થઈ ગયું છે તેવા રૂડા અંતરના શુભાશીર્વાદ પાઠવી આગામી બે મોટા ઉત્સવો પ.પૂ. મહારાજશ્રીનો સુવર્ણ જયંતી મહોત્સવ તા. ૩ થી ૫ ઓક્ટોબર-૨૦૨૨ અને મૂળી ધામનો ''ઉત્સવ'' તા. ૨૦ થી ૨૬ જાન્યુઆરી-૨૦૨૩ ની જાહેરાત કરી હતી તેમજ બાળ મંડળ અને યુવક મંડળની પ્રવૃત્તિ - સભાઓને વેગ આપવાનો અનુરોધ કર્યો હતો.

સાંજેના ૬-૨૦ કલાકે મેઘ રાજાએ કૃપા કરી વરસાદી માહોલ થતા પ.પૂ. મહારાજશ્રીએ મ્યુઝિયમના હોલમાં આશીર્વચન સહિત દરેકને વ્યક્તિગત ચરણ સ્પર્શ સાથે દર્શન તેમજ અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રીએ બહેનોને તેવું જ દિવ્ય સુખ આપ્યું હતું. અમદાવાદ તેમજ ગામડાઓમાંથી પધારેલા દરેક સ્વયંસેવકોને ''પર્વ''ના લોગો સાથેના સુંદર સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જેના લખાણમાં પણ મુખ્ય એજ શીખ છે કે આપણે સૌ સર્વાવતારી શ્રીહરિના જ સ્વરૂપ એવા શ્રી નરનારાયણદેવના આશ્રિત છીએ અને જીવનપર્યંત પરિવાર સહિત એમના જ થઈને રહીએ.

અંતમાં ભોજન પ્રસાદ લઈને સુખદ સંસ્મરણો સાથે સૌ છૂટા પડ્યા હતા. (ગોરધનભાઈ વી. સીતાપરા)

### અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણ આદિક સર્વ દેવોને ચંદનના વાઘા અને કેસર સ્નાન દર્શન

વિશ્વનું સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌ પ્રથમ મહામંદિર કાલુપુર અમદાવાદમાં ઠાકોરજીની પરંપરાગત સેવા રીતિને અનુસરી ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઠાકોરજીના શરીરે શીતળતા રહે અને દર્શનાર્થી ભક્તજનોના હૈયામાં ટાઢક અને હરખ થાય એવી શુભ ભાવનાથી વૈશાખ સુદ-૩ થી પ્રારંભ થઈ જેઠ સુદ-૧૫ પર્યંત મંદિરના પૂજારી બ્રહ્મચારી સ્વામીએ ઠાકોરજીને દરરોજ અલૌકિક કલાત્મક મલિયાગર શીતળ ચંદનના વાઘા તેમજ કોઈ કોઈ દિવસ મોગરા અને ગુલાબના સુગંધિત ફુલના વાઘા ધરાવ્યા હતા. આ સેવા માટે અનેક ભાવિક શ્રધ્ધાળુ ભક્તજનોએ યજમાન બનીને દિવ્ય લાભ લીધો હતો. નિર્જળા એકાદશીના દિવસે શ્રી નરનારાયણદેવ સમક્ષ આંબાના વૃક્ષની લીલી ડાળીઓ પર ખૂબ મોટી સંખ્યામાં ઝૂલી રહેલી કેસર કેરીઓ દ્વારા ભવ્ય આમ્રોત્સવનું દર્શન કરાવવામાં આવ્યું હતું.

જેઠ સુદ-૧૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વ દેવોને વિધિવત રીતે કેસર સ્નાન કરાવવામાં આવ્યું હતું. જેના દર્શન કરી સંત-હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી.

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી પ્રસાદીના સભા મંડપમાં દર મહિનાના બીજા અને ચોથા શનિવારની રાત્રી સત્સંગ સભા નિયમિત રીતે સંપન્ન થઈ રહી છે. જેની દરેક ધર્મપ્રેમી જનોને વિશેષ ને વિશેષ પ્રેરણા કરી શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર)માં શ્રી ઘનશ્યામ મહારાજને ચંદનના વાઘા, કેસર સ્નાન અને સમૂહ મહાપૂજા**

ઠાકોરજીની વૈષ્ણવ પરંપરાની આપણી સેવા રીતિ અનુસાર અત્રે મંદિરના પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી અખાત્રીજથી પ્રારંભ થઈ જેઠ સુદ-૧૫ પર્યંત મંદિરના બન્ને પૂજારી સ્વામી દ્વારા શ્રી ઘનશ્યામ મહારાજને કોઈ કોઈ દિવસે કલાત્મક ચંદનના વાઘા તો કોઈક દિવસે મોગરાના સુગંધી ફુલના વાઘા ધરાવી ભક્તજનોને દિવ્ય દર્શન નો લાભ પ્રાપ્ત કરાવ્યો હતો. તા. ૨૯-૫-૨૨ રવિવારના દિવસે અન્નકૂટથી રચનાથી કેસર કેરી દ્વારા ભવ્ય આમ્રોત્સવનું દર્શન કરાવ્યું હતું. જેઠ વદ-૧ ના દિવસે શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. સ્વામી અનંતાનંદજીના હસ્તે વેદોક્ત વિધિથી કેસર સ્નાન કરાવવામાં આવ્યું હતું.

કેસર સ્નાનના અંતે ચંદનના વાઘાના યજમાનશ્રીઓને સમૂહ મહાપૂજાના માધ્યમથી મહાપૂજાનો દિવ્ય લાભ આપવામાં આવ્યો હતો. સેવાભાવી યજમાનશ્રીઓ તથા સ્વયંસેવક ભક્તજનોએ સેવા કરી શ્રીહરિને રાજી કર્યા હતા. આપણા શ્રી નરનારાયણદેવ દેશના નાના-મોટા દરેક શિખરબંધ મંદિરોમાં ઠાકોરજીના સુંદર કલાત્મક વાઘાના દર્શન કરાવ્યા હતા. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વાગોસણા ૪૦ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સ.ગુ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર વાગોસણાનો ૪૦ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. જેમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોચાર અભિષેક, અન્નકૂટ તેમજ સમૂહ મહાપૂજા આદિ થયા હતા. આ પ્રસંગે શા. પી.પી. સ્વામી આદિ સંત મંડળ અને માણસા મંદિરથી મહંત ધર્મકિશોર સ્વામીએ પધારી કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. સભા સંચાલન શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજીએ કર્યું હતું.

(સ્વામી દેવપ્રકાશદાસજી - ઉનાવા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા ખાતે જેઠ સુદ-૧૦ શ્રીહરિ અંતર્ધાન તિથિ નિમિત્તે ઠાકોરજીને ફળ ફૂટનો અન્નકૂટ અંકિતાબેન સમીરભાઈ પટેલ (ઝુંડાલ) તરફથી ધરાવવામાં આવ્યો હતો. તેમજ પ.ભ. મયુરભાઈ પટેલના યજમાન પદે પ.ભ. રામદાસ બાપા પરિવારને ત્યાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ઝુંડાલ દ્વારા ધૂન, ભજન, કીર્તન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મહંત શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી, સ્વા. રાજેન્દ્રપ્રસાદદાસજી, સ્વા. દેવપ્રકાશદાસજી આદિ સંત મંડળ સાથે પધાર્યા હતા. (નિહિત અતુલભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે મંદિરના મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ માં જેઠ સુદ-૧૧ ના ઠાકોરજીને ૧૦૦ મણ કેરીનો આમ્રોત્સવ ઉજવ્યો હતો. જે તમામ પ્રસાદ જરૂરિયાત મંદ લોકોને ઘેર જઈ વિતરણ કર્યું હતું. (પૂજારી સ્વામી દેવપ્રકાશદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વરસોડા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર વરસોડા ખાતે હરિભક્તો દ્વારા દર માસે સત્સંગ સભાનું આયોજન થાય છે. તા. ૧૬-૬-૨૨ ના રોજ આયોજીત સત્સંગ સભા પ્રસંગે ગાંધીનગર મંદિરથી મહંતશ્રી પી.પી. સ્વામી સંત મંડળ સાથે પધાર્યા હતા. જેમાં દેવ સ્વામીએ કથાવાર્તા કરી સુંદર લાભ આપ્યો હતો.

(મૂળરાજસિંહ ચાવડા - વરસોડા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુર (કડી) પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુર (કડી) નો ૭ મો પાટોત્સવ તા. ૨૮-૫-૨૨ ના રોજ ધામધૂમપૂર્વક ઉજવાયો. આ પ્રસંગે સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી, મહંત સ્વામી શા. દિવ્યપ્રકાશદાસજી, સ.ગુ મહંત સ્વા. ધર્મસ્વરૂપદાસજી આદિ સંતોએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં કથાવાર્તા, કીર્તન ધૂન આદિ કરીને સભામાં પ્રસાદના યજમાન પ.ભ. મહાદેવભાઈ નાથાભાઈ અન્નકૂટના યજમાન અને પૂજારીશ્રીનું સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા.

અત્રે તા. ૨૬-૪-૨૨ ચૈત્ર વદ અગિયારસના ખાખરીયા સત્સંગ મંડળ દ્વારા ધૂન-કીર્તન ભક્તિ

કરવામાં આવી હતી. આ પ્રસંગે કોટેશ્વર ગુરુકુળથી વ્રજભૂષણ સ્વામી અને ઘનશ્યામ સ્વામી આદિ સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. (ધનવંતભાઈ પટેલ)

**સંપ્રદાયનું મહાન તીર્થધામ આદરજ (મોટી) દશાબ્દી પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મહંત સ્વામી સ.ગુ. શા. રામકૃષ્ણદાસજી અને આદરજ સમસ્ત સત્સંગ સમાજના સુંદર પ્રયાસથી સંપ્રદાયમાં સૌ પ્રથમ શ્રીહરિએ જ્યાં પ્રથમ અન્નકૂટ ઉત્સવ કરીને ચાર મુખ્ય સંતોને સદ્‌ગુરુની પદવી આપી હતી તેવા સંપ્રદાયના દંઢાવ્ય દેશના મહાન તીર્થ મોટી આદરજ શ્રી સ્વામિનારાયણ મંદિરનો દશાબ્દી વાર્ષિક પાટોત્સવ તા. ૧૦-૫-૨૨ થી તા. ૧૪-૫-૨૨ પર્યન્ત ઉજવાયો. આ પ્રસંગે શ્રીહરિ વાક્ય સુધા સિંધુ પંચાન્હ પારાયણ શા. સ્વા. હરિજીવનદાસજી, શા. સ્વા. વિશ્વવિહારીદાસજી, મહંત શા. સ્વા. વાસુદેવચરણદાસજી, મહંત શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી અને શા. સ્વા. વિશ્વસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી. સમગ્ર પ્રસંગના પ્રેરક મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર) રહ્યા હતા. સભા સંચાલન સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજીએ શોભાવ્યું હતું.

પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ.અ.નિ. ઈશ્વરદાસ અમીચંદદાસ પટેલ પરિવાર હ. ગં.સ્વ. ડાહીબેન ઈશ્વરદાસ પટેલ (મોખાસણ) રહ્યા હતા. નાના મોટા પ્રસંગોમાં ઘણા હરિભક્તોએ યજમાન બની સેવા કરી હતી. અત્રે ગામના અને આજુબાજુના ગામોના હરિભક્તોએ કથા શ્રવણ-દેવદર્શન કરી મહાપ્રસાદ લઈ ખૂબજ ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી આદરજ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ મહંત શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજને વૈશાખ માસમાં ચંદન-મલીયાગરના અવનવા સુંદર વાઘા ધરાવી દર્શન કરાવ્યા હતા. પૂનમના રોજ કેસર સ્નાન વિધિવત રીતે સંપન્ન થયું હતું. આગામી નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં રસોત્સવ, બ્રહ્મચોરાસી અને વૃધ્ધાશ્રમના વૃધ્ધોને જમાડવામાં આવ્યા હતા. જેમાં શ્રી ઘનશ્યામ મહિલા મંડળ અને યુવક મંડળે સરસ સેવા કરી હતી. (વિપુલ ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસામાં જેઠ સુદ-૧૦ શ્રીહરિ સ્વધામ ગમન દિને શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી ઠાકોરજીને વિવિધ કેરીઓ ધરાવી બહેનોએ આમ્રોત્સવ ઉજવ્યો હતો. (કે.બી. પ્રજાપતી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિજાપુર દર માસે સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ ગાંધીનગર મંદિરના મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી વિજાપુર ગામે સમસ્ત સત્સંગીઓ દ્વારા દર પૂનમે સત્સંગ સભા સુંદર રીતે થાય છે. જેઠ સુદ-૧૫ ના સ્વામી દેવપ્રકાશદાસજી અને સ્વામી ધર્મસ્વરૂપદાસજી દ્વારા કથાવાર્તા ધૂન ભજન કીર્તન આદિ થયા હતા. (હર્ષદ આહિર)

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ - નારણપુરામાં શ્રીમદ્ ભાગવત કથા**

પરાત્પર ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા ભગવાન શ્રી નરનારાયણદેવની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રીના પવિત્ર શુભ સંકલ્પના ફળ સ્વરૂપે તથા જેતલપુર મંદિર, નારણપુરા મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન પ્રમાણે જે સ્થાને ભગવાન શ્રી સ્વામિનારાયણની ૧૮૦૦ જેટલી પ્રસાદીની વસ્તુઓ છે. એવા મહા પ્રસાદીભુત શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં તા. ૨૦-૬-૨૦૨૨ થી ૨૬-૬-૨૦૨૨ સુધી ભવ્ય શ્રીમદ્ ભાગવત કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું.

આ કથા પારાયણમાં વક્તાપદે શાસ્ત્રી સ્વામી ધર્મનંદનદાસજી (જેતલપુરધામ)એ બિરાજી કથામૃતનું રસપાન કરાવ્યું હતું. જેના યજમાનપદનો લાભ અ.નિ. રસિકલાલ ગોરધનદાસ પાટડીયાના સ્મરણાર્થે ગં.સ્વ.

સુશીલાબેન રસિકલાલ પાટડીયા, પ.ભ. વિરેન્દ્રભાઈ, પ.ભ. વિમલભાઈ સમગ્ર પાટડીયા પરિવારે લીધો હતો. આ પ્રસંગે જેતલપુર, કાંકરિયા, કાલુપુર, અંજલી, બાવળા, હિંમતનગર આદિક ધામોધામથી સંતોએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. નારાણપુરા વિસ્તારના ઘણા બધા હરિભક્તોએ આ પ્રસંગે કથાનો લાભ લીધો હતો.

(કોઠારી સ્વામી - નારાણપુરા)

**મહિજ ગામના મંદિરનો ૪૯ મો પાટોત્સવ**

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના દિવ્ય રૂડા આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મંદિર મહિજનો ભવ્ય પાટોત્સવ તા. ૧૭-૬-૨૦૨૨ ના રોજ ઉજવાયો.

જેતલપુરધામથી ધર્મનંદનદાસજી સ્વામી તથા અખંડસ્વરૂપદાસજી સ્વામીએ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો. પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની પૂજા, અભિષેક તથા અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. જેમાં યજમાન તરીકે પ.ભ. દિનેશભાઈ પંચાલે લાભ લીધો હતો. ગામના ભાવિક ભક્તોએ આ પ્રસંગે દર્શન અને કથાનો લાભ લીધો હતો.

(સાધુ ધર્મનંદનદાસ - જેતલપુરધામ)

**રામપટેલના મુવાડા ગામે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

પરાત્પર ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા ભગવાન શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા જેતલપુરધામ-નારાણપુરા મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન-આયોજન પ્રમાણે તા. ૬-૬-૨૦૨૨ થી ૮-૬-૨૦૨૨ સુધી રામ પટેલના મુવાડા (તા. લુણાવાડા, જી. મહિસાગર)ના આંગણે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ પૂર્ણ થતા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

આ રામપટેલના મુવાડા ગામે ત્રણ વખત મંદિર નિર્માણ થયેલ. સૌ પ્રથમ સ.ગુ. વ્યાપકાનંદ સ્વામીએ મંદિર કરાવેલ આજે ત્રીજી વખત નૂતન મંદિરનું નિર્માણ થયું. જેમાં પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થઈ. આ પ્રંસગે શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની કથાનો લાભ શા. ધર્મનંદનદાસજી (જેતલપુરધામ)એ આપ્યો હતો. ભૂદેવો દ્વારા વૈદિક કર્મ સહિત વિષ્ણુયાગ કરવામાં આવ્યો હતો. વિશાળ નગરયાત્રા ગામમાં નીકળી હતી. સમગ્ર ગામના લોકોના સાથ સહકારથી આ પ્રતિષ્ઠા મહોત્સવ આસપાસના વિસ્તાર માટે સંભારણા રૂપ બની ગયો. આ મહોત્સવમાં જયંતિભાઈ પટેલ આદિક ભક્તોએ તન, મન, ધનથી સેવા કરી જીવનનો અલભ્ય લાભ લીધો હતો. (સાધુ ધર્મનંદનદાસ - જેતલપુરધામ)

**વિસનગરમાં શ્રીમદ્ ભાગવત પારાયણ**

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભગવાન શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમજ સમગ્ર ધર્મકુળના દિવ્ય રૂડા આશીર્વાદથી તેમજ જેતલપુરધામ-નારાણપુરા મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી મહાપ્રસાદીભુત વિસનગરના આંગણે તા. ૮-૬-૨૦૨૨ થી તા. ૧૨-૬-૨૦૨૨ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું ભવ્ય આયોજન થયું. જેમાં વક્તાપદે સંપ્રદાયના મૂર્ધન્ય વક્તા વેદાંત ભાસ્કર પૂજ્ય સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીએ (જેતલપુરધામ) વ્યાસાસને બિરાજી કથામૃતનું રસપાન કરાવ્યું હતું.

આ કથા પારાયણના યજમાન પ.ભ. રમેશભાઈ બળદેવદાસ મોદી તથા પ.ભ. જસવંતલાલ કાંતિલાલ મોદી આ બંને પરિવારે અલભ્ય લાભ લીધો હતો. પોતાના સ્વજનોની સ્મૃતિમાં ભગવતી પરિવારે વિશાળ એ.સી. હોલમાં કથાનું સુંદર આયોજન કર્યું હતું. પહેલા દિવસથી જ આ હોલ ભરાય જતા બહાર મંડપમાં **L.E.D.** ની વ્યવસ્થા કરવામાં આવી હતી. કૃષ્ણ જન્મોત્સવ, રુકમણી વિવાહ આદિક પ્રસંગો ધામધૂમથી ઉજવાયા. જેતલપુર, કાંકરિયા, નારાણપુરા, વડનગર, હિંમતનગર, બાવળા, બાપુનગર આદિક ધામોધામથી સંતો પધાર્યા હતા. સમગ્ર મહોત્સવ દિવ્ય અને યાદગાર બની રહ્યો. (સાધુ ધર્મનંદનદાસ - જેતલપુરધામ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**ચૈત્ર સુદ-૧** પ.ભ.અ.નિ. ચૌધરી શાંતાબેન લવજીભાઈ (પ્રતાપપુરા), પ.ભ. પટેલ મફતભાઈ નારણભાઈ મથુરભાઈ (ઝુંડાલ), પ.ભ. પટેલ લક્ષ્મણભાઈ માવજીભાઈ (સાંધલી), પ.ભ.અ.નિ. નરસિંહભાઈ પોપટભાઈ (ધરમપુર). **ચૈત્ર સુદ-૨** પ.ભ. ભાવનાબેન (અમદાવાદ), પ.ભ. પ્રવિણભાઈ સાગરદાન સ્વામિનારાયણ (ગાંધીનગર), પ.ભ. અશ્વિનભાઈ પરમાર (અમદાવાદ), પ.ભ. મયુરભાઈ સોની (અમદાવાદ), પ.ભ. નરેન્દ્રભાઈ દ્વારકાદાસ પટેલ (રાણીપ), પ.ભ. મયંકભાઈ કામદાર (પોરબંદરવાળા), પ.ભ. કેતનભાઈ રામભાઈ પટેલ (કલોલ), પ.ભ. જયંતીભાઈ વાલજીભાઈ પટેલ (બાપુનગર). **ચૈત્ર સુદ-૩** પ.ભ.અ.નિ. રેખાબેન જયંતીભાઈ લુણાગરીયા (નિકોલ). **ચૈત્ર સુદ-૪** પ.ભ. વિભુતિબેન વાસુદેવભાઈ (વાપી), પ.ભ. હરિલાલ વલ્લભભાઈ કાલાવાડીયા (વલસાડ), તુરખા સત્સંગી મહિલા સમાજ (તુરખા). **ચૈત્ર સુદ-૫** પ.ભ. સતીષ પરસોતમ ગામી (સુખપર-કચ્છ), પ.ભ. બળદેવભાઈ પટેલ (નિકોલ), પ.ભ. રાજુભાઈ રમેશભાઈ સાવલીયા (બાપુનગર), પ.ભ. ગોવિંદભાઈ માધવલાલ પટેલ (વડુ). **ચૈત્ર સુદ-૬** પ.ભ. ઠક્કર યોગેશકુમાર રતીલાલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. પ્રવિણભાઈ રામભાઈ ભાવસાર (અમદાવાદ). **ચૈત્ર સુદ-૭** પ.ભ. મયુર ચિનુભાઈ પટેલ (વહેલાલ), પ.ભ. તરૂણભાઈ અશ્વિનભાઈ, પ.ભ. અદ્વૈતમ ચિંતન પટેલ (ગાંધીનગર). **ચૈત્ર સુદ-૮** પ.ભ. જાદવા વેલજી વરસાણી (યુ.કે.), પ.ભ. પટેલ હરેશકુમાર ડાહ્યાભાઈ (લાલોડા), પ.ભ. બૂટીયા ગણેશભાઈ ડાહ્યાભાઈ (કાલીયાણા), પ.ભ. પારેખ જયેશભાઈ (અમદાવાદ), પ.ભ.અ.નિ. જયાલક્ષ્મીબેન એન. ઠક્કર (અમદાવાદ). **ચૈત્ર સુદ-૯** રામનવમી (ઉપવાસ) ચિ. રિયાન તથા હેયાન્સ જન્મ દિને (અમદાવાદ), પ.ભ.અ.નિ. વિઠ્ઠલદાસ પ્રેમચંદદાસ ભાવસાર (અમદાવાદ), પ.ભ. ચુનીલાલ દુર્લભજી સોની (રાણીપ). **ચૈત્ર સુદ-૧૦** પ.ભ. ભૂપેન્દ્ર મૂળજી કારા (માંડવી-કચ્છ), પ.ભ. રમણભાઈ હરગોવિંદભાઈ સોજાવાળા, પ.ભ.અ.નિ. પાર્ષદ નાનજી ભગત (ઝુંડાલ), શ્રીજી ભરોસે (ગોઠીબ), પ.ભ.અ.નિ. જયેશભાઈ રમણલાલ પટેલ (વડુવાળા). **ચૈત્ર સુદ-૧૧** પ.ભ. કલ્યાણ નારણ રાબડીયા (રામપર-વેકરા-કચ્છ), પ.ભ. રાજપૂત ભીખાભાઈ અખાભાઈ (ઉચપા), પ.ભ. નિલેશભાઈ મેપાણી. **ચૈત્ર સુદ-૧૨** પ.ભ. મિલનભાઈ બબાભાઈ પટેલ (ધમીજ), પ.ભ. ચૌધરી સોમાભાઈ ગોબરભાઈ (પ્રતાપપુરા), પ.ભ. આશિષ ભીખાભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. નારણ કરશન રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. રામાભાઈ મફતલાલ પટેલ (કલ્યાણપુરા), પ.ભ.અ.નિ. નાથાભાઈ ડાહ્યાભાઈ બાબરીયા, પ.ભ. ચૌધરી પોપટભાઈ કોઠારી (સોલૈયા), પ.ભ.અ.નિ. વાસુદેવભાઈ ગજ્જર (અમદાવાદ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાણપર-કચ્છ). **ચૈત્ર સુદ-૧૩** પ.ભ.અ.નિ. સિધ્ધાર્થ ગીરીશભાઈ (મહાદેવનગર), પ.ભ. મારફતીયા વૃન્દા ઘનશ્યામભાઈ (અમદાવાદ), પ.ભ.અ.નિ. સામબાઈ મનજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ.અ.નિ. મનજી દેવજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. વર્ષાબેન ભીખાભાઈ રાજપૂત (ઉચપા), પ.ભ. સાંખ્યયોગી પુષ્પાબાઈ, જસુબાઈ, હિનાબાઈ, પ્રેમબાઈ (માંડવી-કચ્છ), પ.ભ. સુરેશભાઈ બચુભાઈ માલવણીયા (ધોળી-સુરેન્દ્રનગર), પ.ભ. કલ્યાણભાઈ પટેલ કડીવાળા (મોરબી), પ.ભ. ડોડ શૈલ્યરાજસિંહ મહિપતસિંહ (મોરબી), પ.ભ.અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર). **ચૈત્ર સુદ-૧૪** પ.ભ. કાજલબેનના લગ્ન પ્રસંગે (કચ્છ), પ.ભ. જીતુભાઈ ઉમાકાન્તભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. વાસુદેવભાઈ ગજ્જર (અમદાવાદ). **ચૈત્ર સુદ-૧૫** પ.ભ. ભીખાભાઈ મંગળદાસ જાની (નરોડા), પ.ભ.અ.નિ. હિરજી દેવજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. લાલબાઈ વિરજી લખમા રાબડીયા (માંડવી-કચ્છ), પ.ભ. હરિભાઈ ગોવિંદભાઈ વધાસીયા (માધાપર-કચ્છ), પ.ભ. કેવલ કશ્યપ ટાંક (અમદાવાદ), પ.ભ.અ.નિ. વાલબાઈ પ્રેમજી વરસાણી (સામત્રા-કચ્છ), કુમારી તન્વી મનોજકુમાર પટેલ (મોખાસણ), પ.ભ.અ.નિ. મધુબેન કનુભાઈ પટેલ (નડીયાદ), પ.ભ.અ.નિ. રવજી હરજી રાબડીયા (વાડાસર-કચ્છ).

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**ચૈત્ર વદ-૧** પ.ભ. ચૌધરી ગોવિંદભાઈ રેવાજી (બાલવા), પ.ભ. પટેલ દિપકભાઈ ચતુરભાઈ (ઝુંડાલ), પ.ભ. ધડુક ક્રિષ્નાબેન ઘનશ્યામભાઈ (નિકોલ), એક હરિભક્ત હ. સાં. મંજુબા (હવેલી), પ.ભ.અ.નિ. ઘનશ્યામભાઈ પાનસુરીયા (અમદાવાદ), પ.ભ. ધર્મેન્દ્રભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. કાંતાબેન લાલભાઈ પટેલ (કલોલ). **ચૈત્ર વદ-૨** પ.ભ. માનવ સમીરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. સુંદરબેન કિરીટભાઈ રાજપુત (અમદાવાદ), પ.ભ.અ.નિ. કાનજીભાઈ છગનભાઈ પટેલ (સુરેન્દ્રનગર). **ચૈત્ર વદ-૩** પ.ભ. વિજયભાઈ પરબતભાઈ સેઢા (સમઢીયાળા), પ.ભ.અ.નિ. રત્ના શામજી રાબડીયા (સરલી-કચ્છ). **ચૈત્ર વદ-૪** પ.ભ.અંબરબેન સોમજીભાઈ છભાડીયા (માંડવી-કચ્છ), પ.ભ.અ.નિ. વાઘજીભાઈ માધવલાલ પટેલ (વડદલા), પ.ભ.અ.નિ. દશરથલાલ મણીલાલ પટેલ (વડુ). **ચૈત્ર વદ-૫** પ.ભ.અ.નિ. કિરીટભાઈ ભગવાનદાસ સોની (અમદાવાદ), પ.ભ. સોમાભાઈ રેવાભાઈ પટેલ (રડોદરા), પ.ભ. પરસોતમભાઈ ગોવિંદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. વાલજી અરજણ ડબાસીયા (કચ્છ-ભુજ).

**ચૈત્ર વદ-૬** પ.ભ. શાંતાબેન હરિરામ ત્રિવેદી (કલોલ), પ.ભ. લલીતાબેન બબાભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ.અ.નિ. હિરેનકુમાર અમૃતભાઈ પોકાર (દયાપર-કચ્છ), પ.ભ. પટેલ ચેતન રમેશભાઈ (અમદાવાદ). **ચૈત્ર વદ-૭/૮** પ.ભ.અ.નિ. અરવિંદાબેન સુરેશભાઈ પટેલ (ગોઠીબ), પ.ભ. કાનજીભાઈ કુરજી હિરાણી (દહીંસરા-કચ્છ). **ચૈત્ર વદ-૯** પ.ભ. બળવંતસિંહ હરભમજી વાઘેલા (બામણવા), પ.ભ. મનીષ વિક્રમભાઈ પટેલ (ધમાસણા), પ.ભ. કીર્તિકુમાર બિપીનચંદ્ર પટેલ (અમદાવાદ), અ.નિ. સ.ગુ. પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી (છારોડી ગુરુકુળ), સત્સંગી બહેનો (હવેલી), પ.ભ. ડૉ. નવીનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. મૂળજીભાઈ કરશનભાઈ વરસાણી (સુખપર-કચ્છ), પ.ભ. રાકેશભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. અશોક જગજીવનભાઈ ચૌહાણ, પ.ભ. પરાગ બાબુભાઈ પટેલ (વડુ). **ચૈત્ર વદ-૧૦** પ.ભ.અ.નિ. કિરીટકુમાર જીવણલાલ મોદી (અમદાવાદ), પ.ભ.અ.નિ. ડૉ. અરૂણભાઈ દેવજીભાઈ પટેલ (રાણીપ), પ.ભ. મનહરભાઈ જે. પટેલ (વડુ). **ચૈત્ર વદ-૧૧** પ.ભ. એ. એમ. (અમદાવાદ). **ચૈત્ર વદ-૧૨** પ.ભ.અ.નિ. વાલજીભાઈ કલ્યાણભાઈ હિરાણી (મેઘપર-કચ્છ), પ.ભ. પ્રેમબાઈ મનજી રૂડા (ગોડપર-કચ્છ), પ.ભ. રવિલાલ શિવજી હાલાઈ (દહીંસરા-કચ્છ), પ.ભ.અ.નિ. ખીમજી રવજી દેવરાજ હાલાઈ (સૂરજપર-કચ્છ), પ.ભ.અ.નિ. શારદાબેન રાવજીભાઈ હરિભાઈ પટેલ (ચકલાસી), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ.અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ.અ.નિ. વસંતબેન ઝવેરભાઈ પટેલ (ઉગામેડીવાળા). **ચૈત્ર વદ-૧૩** પ.ભ.અ.નિ. પ્રેમબાઈ કરશન પિંડોરીયા (સામત્રા-કચ્છ), પ.ભ. જયંતીલાલ ચેલદાસ પટેલ (મરતોલી), પ.ભ. ભોગીલાલ મણીલાલ ઠક્કર (ઘોડાસર), પ.ભ. અ.નિ. ઘનશ્યામભાઈ પ્રભુદાસ પટેલ (ધમાસણા), પ.ભ.અ.નિ. કુવજી કરશન રાબડીયા (માંડવી-કચ્છ). **ચૈત્ર વદ-૧૪** પ.ભ.અ.નિ. લક્ષ્મીબેન કાનજીભાઈ (રવાપર-કચ્છ). **ચૈત્ર વદ-૩૦** પ.ભ. મેઘબાઈ વાલજી કેરાઈ (કુંદનપુર-કચ્છ), પ.ભ. ઘનશ્યામભાઈ ગોવિંદભાઈ પટેલ (નિકોલ), પ.ભ. આરતીબેન સચિનકુમાર રાઠોડ (અમદાવાદ), પ.ભ. પટેલ રંજનબેન પ્રકાશભાઈ (અમદાવાદ), પ.ભ. શ્રીજય સાંકળચંદ પટેલ (અમદાવાદ), પ.ભ. સોની હસમુખભાઈ ચંદુભાઈ, પ.ભ. જીતેન્દ્રભાઈ ભાટીયા (અમદાવાદ).

**શ્રી નરનારાયણદેવની ધજાના યજમાન : પ.ભ. નયનાબેન હરેશભાઈ મહેતા (અમદાવાદ)**

**શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુર**

નવા મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીની નિયુક્તિ કરવામાં આવી છે. સંપર્ક : ૯૩૨૭૨૮૩૨૯૫, વોટસએપ નંબર : ૯૧૦૪૦૨૧૦૦૮

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ००૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.





રામ પટેલનાં મુવાડા (પંચમહાલ) ગામે મૂર્તિપ્રતિષ્ઠા કરતા અને સભામાં આશીર્વાદ આપતાં પ.પૂ.લાલજી મહારાજશ્રી



બાલ્ટીમોર (અમેરિકા) મંદિરનાં ૯માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતાં પ.પૂ.લાલજી મહારાજશ્રી



સાપકડા (મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



ઈડર મંદિર પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને અન્નકૂટ દર્શન



"ઉત્સવ"નાં ઉપલક્ષમાં મૂળી મંદિરમાં અખંડ ધૂન

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023







## સમસ્ત સત્સંગ જોગ

શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા અમદાવાદમાં રહેતા બે સંતો (૧) સ્વામી પ્રેમસ્વરૂપદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી (૨) સ્વામી અનુપમસ્વરૂપદાસજી ગુરુ સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી આ બન્ને સંતો શ્રી નરનારાયણ દેવ દેશના નાગરિક રહ્યા નથી જેથી તેમની સાથે કોઈ સંતો કે સત્સંગીઓએ કોઈ પ્રકારનો વ્યવહાર કરવો નહી. જેની સૌ હરિભક્તોએ નોંધ લેવી. બન્ને સંતો દ્વારા કાયદાનું ઉલ્લઘન કરવાની અને સંપ્રદાયની ગરિમા ન જળવાતી હોવાની અનેક ફરિયાદ હરિભક્તો દ્વારા પ.પૂ.આચાર્ય મહારાજશ્રીને મળતા પૂ. મહારાજશ્રીએ ત્યાગી પંચનું ધ્યાન દોરતા ત્યાગીપંચે પૂ.મહારાજશ્રીની સંમતિથી આ નિર્ણય લીધો છે.

Praful Kharsani